# રાજ્યનું ધોરણ-૧૦ પરીક્ષાનું ૬૭.૦૬ ટકા પરિણામ

## આદર્શ ગામ તરીકે પસંદ થયેલા ગામમાં જ ઉપવાસ આંદોલનની ચીમકીએ સાંસદને હચમચાવી દીધા

ગાંધીનગર, તા. ૨૪ સાંસદના આદર્શ ગ્રામ તરીકે પસંદ પામેલા જાખોરા-રાજપુર જાખોરા-રાજપુરને સાંસદ આદર્શ ગ્રામ તરીકે પસંદ કર્યા પછી તત્કાલ રૂ.૯૨ લાખની ગ્રાન્ટ ફાળવણી પણ



ગામમાં જ સાંસદની ગ્રાન્ટ મળી ગયા પછી પણ વિકાસ કામોને લઈ ઉભા થઈ રહેલા અંતરાયોને લઈ રાજપુર ગ્રામજનોએ ઉપવાસ આંદોલનની ચીમકી આપતાં ચોંકી ઉઠેલા સાંસદ પરેશ રાવલે આજે દરમ્યાનગીરી સમયબદ્ધ અમલીકરણની ખાત્રી મળતાં ઉપવાસ આંદોલન સ્થગિત કરવાની જાહેરાત રાજપુરના ગ્રામજનોએ કરી છે.

સંસદસભ્ય શ્રી પરેશ રાવલે કરી દીધી હતી. બે વર્ષ પછી પણ કામોને લઈ તંત્રના ઠાગાઠૈયા તો ક્યાંક પંચાયતના ઠાગા-ઠૈયાની નીતિને લઈ ગ્રામજનોએ ૨૫મીથી અચોક્કસ મુદતના ઉપવાસની જાહેરાત કરી હતી.

આજે વિકાસયાત્રા સાથે પ્રજાને હિસાબ આપવા આવેલા શ્રી રાવલને ચંદ્રાલામાં ચંદ્રાલા અને આસપાસના ગ્રામજનોના પ્રશ્નોને લઈ લોકોની નારાજગી સહન કરવી પડી હતી.

સાંસદના આદર્શ ગ્રામમાં જ પ્રશ્નોની વણઝાર જોઈ શ્રી રાવલ ચોંકી ઉઠ્યા હતા. તેમના સંસદીય મત વિસ્તારમાં તેમની કાર્યપદ્ધતિ અને પ્રશ્નોની અનદેખીને લઈ આજે

આ દરમ્યાન રાજપુર ગ્રામવાસીઓની ઉપવાસની ચીમકી પણ તેમના ધ્યાન પર આવતાં તેમણે પંચાયત અને રાજપુર ગ્રામવાસીઓ વચ્ચે ત્રણ કલાકથી પણ વધુ સમયની દરમ્યાનગીરી કરી અને સમયબદ્ધ પ્રશ્નોના ઉકેલની ખાત્રી આપતાં રાજપુરવાસીઓએ હાલ પુરતુ આંદોલન સ્થગિત કર્યું છે.

લોકોની ભારે નારાજગીનો સામનો કરવો પડ્યો હતો.

ચંદ્રાલામાં ગ્રામજનોએ મચાવેલા હોબાળાને લઈ સમગ્ર તાલુકામાં વાત વાયુવેગે પ્રસરી જવા પામી હતી. જો કે ભાજપ કે સાંસદ તરફથી આ મુદ્દે કોઈએ સ્પષ્ટતા કરવાનું પસંદ કર્યું નથી.

## ૪૨૧ શાળાઓનુ પરિણામ ૧૦૦ ટકા : ફરીએકવાર વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનિઓ આગળ :કુલ ૧૦૯ ગેરરિતી કેસો સપાટીએ

જેની લાખો વિદ્યાર્થીઓ ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાનું ૬૭.૦૬ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ. જે ગયા વર્ષની સરખામણીમાં વધારે પરિણામ છે. ગયા વર્ષે એટલે કે માર્ચ ૨૦૧૫માં ધોરણ-૧૦ બોર્ડનુ પરિણામ ૬૧.૫૦ ટકા જાહેર કરવામાં આવ્યુ હતુ. સૌથી વધુ સુરત જિલ્લાનુ પરિણામ ૭૧.૭૭ ટકા જાહેર કરવામાં આવ્યુ હતુ. આ વર્ષે ૭૮૫૯૮૭ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષા આપી હતી. જે પૈક ૫૨૭૧૧૩ વિદ્યાર્થીઓ પાસ થયા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ વિદ્યાર્થીનિઓઓએ બાજી મારી લીધી છે. નિયમિત વિદ્યાર્થીઓનુ પરિણામ આ વખતે ૬૩.૬૨ ટકા રહ્યુ છે. જ્યારે વિદ્યાર્થિનીઓનુ પરિણામ ૭૨.૧૧ ટકા રહ્યુ છે. વિદ્યાર્થીનિઓની કુશળતા ફરી એકવાર સાબિત થઈ છે. સૌથી વધુ પરિણામ ધરાવતા કેન્દ્ર તરીકે ગીર સોમનાથમાં સુપાસી છે. તેનુ પરિણામ ૯૮.૦૨ રહ્યુ રહ્યુ છે. આવી જ રીતે સૌથી ઓછુ પરિણામ ધરાવતુ કેન્દ્ર ઉતાવળી (નર્મદા) રહ્યુ છે. તેનુ પરિણામ માત્ર ૧૯.૨૭ ટકા રહ્યુ છે. આ વખતે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૪૨૧ રહી છે. જે વર્ષ ૨૦૧૫માં ૩૦૩ હતી. આવી જ રીતે અગ્રેજી માધ્યમનુ પરિણામ આ વખતે ૮૮.૮૪ ટકા રહ્યુ છે. જે વર્ષ ૨૦૧૫માં ૯૧.૧૧ ટકા રહ્યુ હતુ. જ્યારે ગુજરાતી માધ્યમનુ પરિણામ ૫૨.૫૪ ટકા રહ્યુ છે. જે વર્ષ ૨૦૧૫માં ૫૧.૩૩ ટકા રહ્યુ હતુ. હિન્દી માધ્યમના પરિણામની ટકાવારી આ વખતે ૬૮.૦૧ રહી છે.

## વિચારોનાં મધુવનમાં

● ૪ પાનાનું ચાલુ...

શાસ્ત્રી પ્રો.લિઓનાર્ડ બ્લૂમફિલ્ડ તેમના પુસ્તક 'ધ લેંગ્વેજ'માં પાણિની ઋષિના સંસ્કૃત વ્યાકરણને 'વન ઓફ ધ ગ્રેટેસ્ટ મોન્યુમેન્ટસ ઓફ હ્યુમન ઈન્ટલીજન્સ' તરીકે ઓળખાવે છે. સંસ્કૃત ભાષાનું સૌંદર્ય એવું છે કે તેમાં એક સરખા કહી શકાય તેવા ઘણા સમાનાથી શબ્દો છે. પણ તેમાં લાગણીનો સૂક્ષ્મભેદ સ્પષ્ટ રીતે જોઇ શકાય છે. આજ કારણથી સંસ્કૃત ભાષા કોઈપણ વાતને બીજી ભાષા કરતાં વધારે સચોટ રીતે પ્રસ્તુત કરી શકે છે.

હકીકતમાં એવી છે કે પશ્ચિમના જે કહેવાતા જ્ઞાનીઓ હતા તેમને મોડે મોડે જ્ઞાન થયું છે કે ભારતીય સંસ્કૃત સાહિત્ય છે. તેમાં વૈજ્ઞાનિક આવિષ્કાર કરી શકાય તેવા જ્ઞાનના ભંડારો અને માહિતી પડેલી છે. તેનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરીને નવા નવા પ્રયોગો હાથ પર લઈને વિજ્ઞાનમાં નવા નવા આવિષ્કારો કરી શકાય તેમ છે. આ રહસ્યમય જ્ઞાનની તૃપ્તિ હેતું જ તેઓ સંસ્કૃતને મહત્વ આપી રહ્યા છે. જેથી નવા નવા આવિષ્કાર કરીને તેઓ દુનિયામાં પોતાનું અને પોતાના દેશનું નામ વિજ્ઞાન ક્ષેત્રે આગળ રાખી શકે. અમેરિકાની નાસા સંસ્થામાં સંસ્કૃતનો એક આખો અલાયદો વિભાગ છે. જ્યાં ભારતના સંસ્કૃત સાહિત્યની ઝીણવટ ભરી છણાવટ કરવામાં આવે છે. આ કાર્યને બખૂબી પાર પાડવા માટે તેઓ બનારસ હિન્દુ યુનિર્વસીટીમાંથી સંસ્કૃતના વિદ્વાનોનો લાભ લઈ કરે છે. તેમનો સંસ્કૃતને મહત્વ આપવાનો મૂળ ઉદેશ્ય તો તેમાંથી લાભ ખાટવાનો જ છે નહીં કે ભાષા તરીકે સંસ્કૃતને માન સન્માન આદર અપાવવાનો.

સંસ્કૃતજ્ઞ સંપાદક પ્રફુલભાઈ પુરોહીત (એમ.એસ.યુનિવર્સિટી) દ્વારા સંસ્કૃત વર્તમાનપત્ર સંપુર્ણ સંસ્કૃત ભાષામાં પ્રકાશીત થાય છે. જેની અસર સંપૂર્ણ સંસ્કૃતાનુરાગી ગણ ઉપર પડે છે. અને તેના માધ્યમ દ્વારા સંસ્કૃત ની જ્ઞાનગંગોત્રી નો ધસમસતો પ્રવાહ વહેતો થયો છે. ભાષાના શીખવાના ચાર કૌશલ્ય શ્રવણ, વાંચન, લેખન અને કથન આમ ક્રમશ : કૌશલ્ય સંસ્કૃત વર્તમાન પત્ર નાં વાંચન થકી ભાષા સિધ્ધી સુધીનો વિકાસ થાય છે. દેવભાષા સંસ્કૃતની વાત આવે એટલે આજના કહેવાતા મોર્ડન લોકોના નાકના ટીચકાં ચઢી જાય. સ્કૂલ કોલેજોમાં પણ સંસ્કૃત ભાષાને એટલું મહત્વ આપવામાં આવતું નથી. જેટલું હિન્દી અંગ્રેજીને મહત્વ અપાય છે. લોકોપણ સંસ્કૃત ખાસ લગાવ રાખતા નથી. હવે આમાં આશાનું કિરણ દેખાઈ રહ્યું છે. ધીરે ધીરે સંસ્કૃત પ્રત્યે લોકોનો લગાવ વધી રહ્યો છે. ખાસ કરીને પશ્ચિમના દેશોમાં સંસ્કૃત શીખવાનું વલણ વધી રહ્યું છે. એક સમયે ભારતીય સંસ્કૃતિ અને વેદ-પુરાણ ઉપનિષદોને કાલ્પનિક બકવાસ ગણાવીને તેનો નાશ કરનારા આજે સંસ્કૃતના ગુણગાન ગાઈ રહ્યા છે. તેમના પાપે જ ભારતમાંથી સંસ્કૃતનો એકડો નીકળી ગયો છે. હવે ત્યાંથી ઈમ્પોર્ટ થઈને આવશે ત્યારે ગુલામ માનસિકતાવાળા ભારતીયો સંસ્કૃતને હોંશે હોંશે વધાવી લેશે. જેમ યોગને વધાવ્યા તેમ. પશ્ચિમના વિદ્વાનો માને છે કે ભવિષ્યમાં સંસ્કૃતના કારણે જ વિશ્વમાં જ્ઞાનનો મોટો વિસ્ફોટ થશે.

## નવાં કલેવર

● ૪ પાનાનું ચાલુ...

આજે કૈલાસબેનનું બારમું છે. ભાત-ભાતની વાનગીઓની સુગંધ પ્રસરી રહી છે. બંને ભાઈઓ દોડાદોડી કરીને બ્રાહ્મણના કહ્યા મુજબ જગ વહેવાર અને સંસ્કાર નિભાવી રહ્યાં છે. બંને વહુઓ પણ એકમત થઈ કામે લાગી છે. તેમની આ એકતાને જોવા કૈલાસની આંખો ઝંખતી હતી. વિધિ કરાવનાર બ્રાહ્મણના જણાવ્યા મુજબ બંને વહુઓએ ગૌ-ગ્રાસ અને કાગડાઓ માટે પત્રાવડી તૈયાર કરી. હું એકબાજુ ખૂણામાં બેઠો બેઠો બધું જોતો હતો. મારે કૈલાસબેન સાથે જે લાગણીના સંબંધો હતા તે બંને વહુઓ જાણતી હતી. તેથી હું કયારેક તેમને આંખના કણાની જેમ ખૂંચતો છતાં આજે મને પુછવા આવી. 'કાકા, કાઈ કમી તો રહી ગઈ નથી ને? એવું લાગે તો કહેજો. અમે અમારા તરફથી પુરો પ્રયત્ન કર્યો છે ને મમ્મીજીને ગમતી બધી ચીજો બનાવડાવી છે. રોહિત અને મૌલિક પણ આવ્યા છે. તેમણે પણ પુછ્યું. પણ હું શું કહું. બેટા જે કમી રહી છે તેની પૂર્તિ હવે તમે કરી શકો તેમ નથી. જે સ્ત્રીએ તેના પાલવની છાંયા આપી. પોતાની ઊંઘ અને ખુશીઓ ન્યોચ્છાવર કરી પોતાનો કોળીયો તમને ખવડાવ્યો. તે બધાં કરતાં મોટી વાત એ છે બાપ વગરના હોવા છતાં તમને પગભર બનાવ્યા તે સ્ત્રીને તમે જીવતે જીવત બે ભાગમાં વહેંચી. પણ ઈચ્છતો હોવા છતાં હું કંઈ કહી ન શક્યો. બસ એટલું જ કહ્યું બેટા, તમે બંને જઈ ઉપર કાગડા ને બોલાવી ખવડાવો. રેખા અને માલા તમે બંને ગાયોને ઘાસ નાંખી આવો. જેનાથી મૃત વ્યક્તિને તૃપ્તિ મળે છે. અને પરલોકમાં ભોજન પ્રાપ્ત કરે છે.'

રેખા અને વર્ષા આખી શેરીમાં ફરી આવી.

'કાકા, શેરીમાં ગાય કયાંક દેખાતી નથી.' ત્યાં તો બંને દીકરા પણ ધાબેથી નીચે આવ્યા. અને કહ્યું કે ધાબે દૂર દૂર સુધી નજર કરી પણ એકેય કાગડો આવ્યો નહીં.

'અરે! આ તો સારું ન કહેવાય. ગાયને ઘાસ અને કાગડાને શ્રાધ ન પહોંચ્યો એનો મતલબ કે મૃતાત્માએ ભોજનનો સ્વીકાર કર્યો નથી.' બ્રાહ્મણે કહ્યું, ત્યારે ટીંકુ અને રશ્મિ બંને બાળકો કયારના આ વાતો સાંભળતાં હતાં તેમણે કહ્યું, મહારાજ આજે ૩૧ તારીખ છે દાદીમાંનો ઉપવાસ છે.


## જોઈએ છે

અન્નક્ષેત્ર માટે રસોઈયાની જરૂર છે. રહેવા-જમવાની વ્યવસ્થા કુટુંબ સહિત થશે.

સંપર્ક : ૯૦૯૯૦ ૩૨૯૨૮
વિભાબેન ઠક્કર


## ટેન્ડર નોટીસ

**'ગણવેશ, બુટ -મોજા'**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ગાંધીનગર જિલ્લાની અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા સંચાલિત અને અત્રેની કચેરીના નિયંત્રણ હેઠળની નીચે દર્શાવેલ આદર્શ નિવાસી શાળાઓ માટે સ્થળ ઉપર (૧) બે જોડી ગણવેશ સિલાઈ સાથે (રૂ. ૩૦૦/-ની મર્યાદામાં), (૨) એક જોડી બુટ-મોજા સાઈઝવાર (રૂ. ૨૦૦/-ની મર્યાદામાં) પુરા પાડવા માટે વેપારીઓ, ડીલરો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે.

(૧) આદર્શ નિવાસી શાળા (અજા/કુમાર),સે.૮, ગાંધીનગર (માન્ય સંખ્યા-૧૩૦)
(૨) આદર્શ નિવાસી શાળા (અજા/કન્યા), સે.૮, ગાંધીનગર (માન્ય સંખ્યા-૧૩૦)

આ અંગેના કોરા ટેન્ડર ફોર્મ મેળવવા માટે રૂ.૧૦૦/-નું અસલ ચલણ અત્રેની કચેરીએ રજૂ કર્યેથી તા. ૩/૬/૨૦૧૬ સુધીમાં કચેરી સમય દરમિયાન જાહેરા રજા દિવસો સિવાય મળી શકશે. ટેન્ડર અંગેની શરતો ટેન્ડર ફોર્મમાં દર્શાવવામાં આવેલ છે.

ભરેલા ટેન્ડર ફોર્મ તા. ૭/૬/૨૦૧૬ સુધીમાં રજી.એ.ડી.થી મોકલી આપવાના રહેશે. સમય મર્યાદામાં મળેલ ટેન્ડરો તા. ૭/૬/૨૦૧૬ના રોજ ટેન્ડરમાં જણાવેલ સમયે સંબંધિત ટેન્ડર ભરનાર વેપારીઓ / ડીલરોની હાજરીમાં ખોલવામાં આવશે.

કોઈપણ ટેન્ડર સ્વીકારવું કે રદ કરવા તે અંગેનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર ફોર્મ મેળવવાનું તથા પરત મોકલવાનું સરનામું**
**આચાર્યશ્રી, આદર્શ નિવાસી શાળા, (અજા/કુમાર) રંગમંચ સામે, સેક્ટર-૮, ગાંધીનગર**

**(બી.પી. સોચંતર)**
**નાયબ નિયામક**
**અનુસૂચિત જાતિ કલ્યાણ**
**જિ. ગાંધીનગર**
માહિતી/૪૫૯/૨૦૧૬-૧૭


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગતિશીલ સરકારનો છે નિર્ધાર,
## સૌને શિક્ષણ, કૌશલ્ય અને રોજગાર



## વિદ્યાર્થીઓને જીવન ઘડતરની મળી દિશા

- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના : રાજ્યના તમામ જ્ઞાતિવર્ગના યુવાનોના શિક્ષણ, કૌશલ્ય અને રોજગાર માટે ઐતિહાસિક યોજના:વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ રૂા.૧૦૦૦ કરોડનો લાભ
- ગરીબ પરિવારની દીકરીને જીએમઈઆરએસ અને ખાનગી મેડિકલ કોલેજમાં એમ.બી.બી.એસ.ના અભ્યાસ માટેની ટ્યુશન ફી સરકાર ભરશે
- બિનઅનામત વર્ગ માટે પ્રવેશ અને નોકરી માટે ૧૦% આર્થિક અનામત આપવાનો અભૂતપૂર્વ નિર્ણય
- રાજયમાં ૫૬ યુનિવર્સિટીઓ કાર્યરત : જુનાગઢમાં નરસિંહ મહેતા યુનિવર્સિટી અને ગોધરામાં ગુરુ ગોવિંદ યુનિવર્સિટીની શરૂઆત
- જે તાલુકામાં એકપણ કોલેજ ન હોય ત્યાં કોલેજ શરૂ થશેઃ ગત્ વર્ષે ૧૦ કોલેજોનું નિર્માણઃ ચાલુ વર્ષે વધુ નવી ૧૬ કોલેજો
- ગુણવત્તાસભર શિક્ષણ : ૧૦૯ કસ્તુરબા ગાંધી વિદ્યાલય કાર્યરત, આ વર્ષે વધુ ૨૧ શરૂ થશે : ૩૨૭ RMSA માધ્યમિક શાળાઓ કાર્યરત, આ વર્ષે નવી ૧૪૦ શાળાઓ શરૂ થશેઃ રાજ્યમાં ૧૧૧ નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ થશે
- શૈક્ષણિક રીતે પછાત ૭૨ તાલુકાઓમાં ધો.૬થી ૧૨ની મોડેલ સ્કૂલો
- તાલુકાઓમાં ૪૧ વિજ્ઞાન પ્રવાહની શાળા શરૂ કરવાનો સ્તુત્ય નિર્ણય
- ૨૨૦૩ શાળાઓમાં સ્માર્ટ ઈ-લર્નિંગ સુવિધાઃ ૨૫૦૮ પ્રાથમિક શાળાઓમાં બાલા પ્રોજેક્ટ
- ૭૭૦ આઈટીઆઈ અને ૫૦૦ કૌશલ્યવર્ધન કેન્દ્રોનું નેટવર્કઃ ૧,૯૬,૦૦૦ તાલીમાર્થીઓનું કૌશલ્યવર્ધન

અને ઘણું બધું...

માહિતી ૨૦૧૬-૧૭ (૫૫-૧)



સૌનો સાથ... સૌનો વિકાસ...

શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત

Visit http://www.gujaratinformation.net
www.facebook.com/gujaratinformation.official www.twitter.com/infogujarat